જીવન સરિતાને તીરે
દિનેશ પંચાલ

# મોદીજીને થોડા સવાલો

**સાહેબ, તમે મોટા બીલ્ડરોને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા પડાવો છો તે રીતે દેશના કહેવાતા તમામ 'ધધુપપુઓના આશ્રમમાં દરોડા પડાવો તો ચોંકી જવાય એવી હકીકતો બહાર આવશે.**

અમારા જમાલપોર ગામમાં નરેન્દ્ર મોદીજી આવી ગયા. એમને પૂછવા જેવા કેટલાક સવાલો અત્રે વાચકો સાથે શેર કરીએ છીએ. હમણા અખબારોમાં વાંચ્યુ કે (WHO)એ કરેલા એક સર્વે અનુસાર ડાંગના ૧૪૫ ગામોમાં પીવાનું પાણી પીવાલાયક નથી. આદરણીય શ્રી મોદી સાહેબને વિનંતી કરીએ કે તમે અમેરિકા જઈને ઓબામા સાથે રહો તેના કરતાં ડાંગમાં જઈને આદીવાસીઓ સાથે રહો તો તમારો અંતરાત્મા કબુલશે કે 'અચ્છે દિનનો કાર્યક્રમ ભલે થોડો મોડો ચાલુ થતો પણ સૌ પ્રથમ આ ગરીબોના 'બૂરે દિન દૂર કરવાની તાતી જરૂર છે. સાહેબ, ડાંગમાં સ્ત્રીઓએ પાણી લેવા માટે સાત કિલોમીટર દૂર જવું પડે છે. બાળકોની સ્કૂલ પાંચ છ કિલોમીટર દૂર આવેલી છે. બસ કે રિક્ષાની વ્યવસ્થા નથી. છતાં એ ગરીબો સરકાર સામે ફરિયાદનો એક હરફ સુદ્ધાં ઉચ્ચારતાં નથી. સાહેબ, 'સબકા સાથ... સબકા વિકાસમાં એમને સામેલ કરવાની ખાસ જરૂર છે. એ સિવાય બીજી ખાસ મુશ્કેલી એ છે કે આપણે ત્યાં વર્ષોથી એચ.એસ. સી. બોર્ડમાં નિયમિત છબરડાઓ થતા આવ્યા છે. દર વર્ષે રિઝલ્ટ ટાણે પેપરચેકીંગમાં થયેલી અનેક ભૂલોને કારણે વિદ્યાર્થીઓ રખડી પડે છે. નાપાસ થયેલો વિદ્યાર્થી ફેરચકાસણી કરાવે ત્યારે ખબર પડે છે કે તે ફર્સ્ટ ક્લાસમાં પાસથયો છે. પણ ત્યાં સુધીમાં બધી કોલેજોમાં એડમિશન બંધ થઈ ગયા હોય છે. બોર્ડના છબરડાને કારણે વિદ્યાર્થીનું આખું વર્ષ બગડે છે. આજસુધીમાં કેટલા એવા છબરડાબાજ શિક્ષકો સામે પગલા લેવાયા...? સાહેબ, આપે ગરીબોને મફ્ત ટેબ્લેટ આપવાની જાહેરાત કરી હતી એ સારી વાત ગણાય, પણ સાચું પૂછો તો ગરીબોને તે સસ્તા ટેબ્લેટ (કમ્પ્યુટર) કરતાં સસ્તી ટેબલેટ (દવા)ની વધુ જરૂર છે. મોંઘવારી અને ગરીબીમાં ભીંસાતા લોકો ૪૦ ૫૦ રૂપિયાની એક ટેબલેટ કે કેપ્સ્યુલ ખરીદી શકતા નથી. પરિણામે દવાના અભાવે હજારો લોકો મરે છે. તમે 'મન કી બાતેં કરો તેના કરતાં 'ગરીબોની ગત જાણો તેમાં ગરીબોનું સાચું કલ્યાણ છે. ડોક્ટરોની અત્યંત ઊંચી ફી તથા દવા અને મેડિકલ ટેસ્ટ વગેરેના ચીરી નાખે એવા ખર્ચાથી આજે મધ્યમવર્ગના લાખો લોકો પરેશાન છે. મેડિકલનો ખર્ચ થોડો ઘટે એવું કરો તો દેશના ભંડોળનો સાચો કલ્યાણકારી ઉપયોગ થયેલો કહેવાશે. સાહેબ, હવે એક ખાસ વાત સાંભળો. 'ભય વિના પ્રિતી નહીં એવું શાસ્ત્રોમાં કહેવાયું છે. તમારે થોડી હીટલરશાહી આચરવી પડતી હોય તો તેમ કરીને પણ ન્યાય અને કાયદામાં ધરમૂળથી પરિવર્તન લાવો. કહે છે કે અંગ્રેજોના સમયમાં સજા એટલી કડક હતી કે લોકો રાત્રે ઘરના દરવાજા ખૂલ્લા રાખીનેનિર્ભયપણે સૂતા. રસ્તા વચ્ચે સોનાનો હાર પડ્યો હોય તોય કોઈ ઊંચકતું નહીં. આજે દેશમાં છાશવારે બળાત્કારો થાય છે. કોલેજકન્યાઓનું જાતીય શોષણ થાય છે. વૃદ્ધ મહિલાઓ પણ સલામત રહી નથી. સગો બાપ દીકરી પર બળાત્કાર કરે છે. લાખ દુ:ખોની એક દવા એ છે કે અતિ કડકમાં કડક સજા એ દરેક ગુનાનો રામબાણ ઈલાજ છે. જે ઘરમાં



## ધૂપછાંવ

***'આજે દેશના સંતમહાત્માઓ તથા મહામંડલેશ્વરો પાર વિનાની સંપતિના માલિક બની બેઠાં છે. તેમના મહેલ જેવા આશ્રમો, મોંઘી કારો અને ભવ્ય જીવનશૈલી જોઈને લાગે નહીં કે તેઓ હિન્દુસંસ્કૃતિના વિરક્ત સંતો છે. જેમ નેતાઓની સંપતિની તપાસ નથી થતી તેમ સાધુઓની સંપત્તિની પણ તપાસ નથી થતી. આજે તેઓ 'સાધનામાં ઓછા અને 'સાધનોમાં વધુ ડૂબેલા રહે છે. પણ સાચી વાત એ છે કે બ્રહ્મચારીઓ કોઠા પર અને સાધુઓ બેંકમાં ક્યારેય શોભતાં નથી...!!***

**મુનિ તરુણસાગરજી**

સસરાએ કે બાપે વહુ દીકરી પર કુદૃષ્ટિ કરી હોય તેવાને મોઢે મેશ ચોપડીને ઉલટે ગધેડે આખા ગામમાં ફેરવવો જોઈએ. સાહેબ, હવસખોરોની પાશવી લીલા તમે જાણશો તો ચોંકી ઊઠશો. જેમને શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ મળ્યો હોય તેમણે પણ પોતાની શિષ્યા પર બળાત્કાર કર્યો છે. સાધુઓ સાધ્વીઓ સાથે મળી 'ભગવા ભોપાળા આચરે છે. બારે માસ આ બધું ચાલતું રહે છે. અહીં એ વિચારવા જેવું છે કે અમેરિકા જાપાન અને રશિયામાં કેમ સગો બાપ દીકરી પર બળાત્કાર કરતો નથી? આપણે ત્યાંજ એનું પ્રમાણ કેમ

**અનુસંધાન પાનાં છ પર**

